# અમે ઈસુનું માનીએ છીએ.

**પ્રાર્થના :** સ્વર્ગમાંના અમારા પિતા, આ અભ્યાસ દ્વારા બાળકોને ઈસુનું માનતા અને તેને પ્રેમ કરતા શીખવો.ઈસુનાપવિત્ર નામમાં આમેન.

ઉંમર તથા જરૂરીયાતના પ્રમાણમાં બાળકોની શીખવવાની **પ્રવૃત્તિ પસંદ કરો.**

કોઈ મોટુ બાળક કે શિક્ષક **માત્થી ૭ : ૨૪ - ૨૯**માંથી મૂર્ખ તથા બુધ્ધિશાળી બાંધનારાઓની વાર્તા વાંચે. ઈસુના શિક્ષણ પ્રત્યે બંન્ને જણે જે જુદો જુદો પ્રતિભાવ આપ્યો તેનું પરિણામ શું આવ્યું તે પર ધ્યાન આપો.

**આ પ્રશ્નો પૂછો.** દરેક પ્રશ્ન પછી ઉત્તર છે.

કેવા લોકો બુધ્ધિશાળી બાંધનાર જેવા છે.? ૨૪ મી કલમ જુઓ

ઈસુના વચનો પ્રત્યે આપણે શું કરવું જોઈએ ? ૨૪ મી કલમ જુઓ (ઈસુએ જે કાંઈ કહ્યું છે, તે પ્રમાણે આપણે અમલ કરવો જોઈએ)

કેવા લોકો મૂર્ખ બાંધનાર જેવા છે ? ૨૬ મી કલમ જુઓ.

મૂર્ખ માણસનું ઘર કેમ પડી ગયું ? ૨૭ મી કલમ જુઓ.

ઈસુની શીખવવાની રીતથી લોકોને નવાઈ કેમ લાગતી હતી ? ૨૮-૨ મી કલમ જુઓ (ઈસુ અધિકારથી શીખવતા હતા).



એક માણસ જેણે પોતાનું ઘર રેતી પર બાંધ્યું

માત્થી ૭ : ૨૪ - ૨૯ માંથી બે બાંધનારાની વાર્તાનું **નાટક ભજવો**. સંગતના આગેવાનો સાથે મળીને તેનું આયોજન કરો. બાળકો નાટકની તૈયારી કરતા હોય ત્યારે તેમની સાથે સમયગાળો.

**મોટાં બાળકો** કે મોટેરાં નીચેના પાત્રો ભજવે.

- ઉદ્દઘોષક : વાર્તાની સમીક્ષા કરે અને બાળકોને સંવાદો ગોખવામાં મદદ કરે.
- ઈસુ

**નાના બાળકો**ને આ પાત્રો ભજવવા દો.

- બુધ્ધિશાળી બાંધનાર.
- મૂર્ખ બાંધનાર.
- ચણતરકામ કરનાર બાળકો, ઈંટ, પથ્થર ગોઠવે અથવા એવા હાવભાવ કરે.
- પવન અને વરસાદ.
- જોનારા લોકો.

**ઉદ્દઘોષક** : વાર્તાનો પ્રથમ ભાગ વાંચો કે બોલો ૨૪ - ૨૫ કલમ. કહો - ઈસુ શું કહે છે તે સાંભળો.

**ઈસુ** : હું જે હતું છું તે પ્રમાણે જો તમે કરશો તો તમે એક બુધ્ધિશાળી બાંધનારા જેવા થશો.

**બુધ્ધિશાળી બાંધનાર** : મકાન ચણતરનું કામ શરૂ કરે (બાળકો ઘર બાંધવાનો અભિનય એક બાજુ પર કરે). કહો - મેં આ સખત ખડક પર ઘર બાંધ્યું છે. હું ઈસુની આજ્ઞાઓ માનું છું.

**પવન અને વરસાદ** : પવન ચાલવાના અવાજો કરો અને ગોઠવેલાં ખોખાં પાડી નાખે.

**ઉદ્દઘોષક** : વાર્તાનો બીજો ભાગ કહો ૨૫ થી ૨૯ કલમ. ઈસુ શું કહે છે તે સાંભળો.

**ઈસુ** : જો તમે મારી વાતો માત્ર સાંભળતા જ રહો છો તો તમે આ મૂર્ખ બાંધનારા જેવા થશો.

**મૂર્ખ બાંધનાર** : પેલી બાજુ બાંધવાનું ચાલુ કરે.

કહો - હું તો ઈસુની વાતો માત્ર સાંભળું જ છું. હું તો રેતી પર બાંધકામ કરૂં છું તે કામ તો સહેલું છે.

**પવન અને વરસાદ** : પવન તથા વરસાદનો અવાજ કરો અને ખોખાં પાડો.

**ખોખાં પડી જાય છે. ભાગંવાના અવાજ કરો અને જમીન પર આળોટો.**

**જોનારા લોકો** : કેવું અજાયબ ! આ માણસ ચાહે છે કે આપણે તેનું માનીએ ! બીજા શિક્ષકો તો માત્ર આપણે તેમનું સાંભળીએ એવું જ ચાહે છે.

**ઉદ્દઘોષક** : નાટક પૂરૂં થયાની જાહેરાત કરો અને બાળકોનો આભાર માનો.

જો બાળકો આ નાટક વડીલો સમક્ષ રજુ કરે તો તેઓ તેમને ઉપર જણાવેલા સવાલો પૂછે.

**પૂછો** : આપણે પાળવી જોઈએ એવી કઈ બાબતો વિષે ઈસુએ કહ્યું છે ? (કોઈને ઉદાહરણ આપવા દો.



એક માણસ જેણે પોતાનું ઘર ખડક પર બાંધ્યું

મોટા બાળકો ગીત કે વાર્તા લખે અથવા યોહાન ૧૪ : ૧૫માં ઈસુના શબ્દો ‘‘જો તમે મારા પર પ્રેમ રાખો છો તો તમે મારી આજ્ઞાઓ પાળશે.’’ તેના પર ચિત્ર દોરો.

ખડક પરના ઘરનું **ચિત્ર** દોરો બાળકોને તેની નકલ કરવા દો.

- મોટાં બાળકો નાના બાળકોને મદદ કરે.
- આ ચિત્રો તેઓ પછીના ભજન સમયે મોટેરાં બતાવે અને ઈસુની આજ્ઞાઓ કેવી રીતે પાળી શકાય તે વિષે કહે. વિશ્વાસીઓએ ઈસુની વાતો માત્ર સાંભળવાની જ નથી પણ તેને પાળવાની છે. **લૂક ૧૧ : ૨૮ મુખપાઠ કરો.**

**ગીત** : ચાર બાળકો ગી.ત. ૧૫ : ૨,૭,૧૫, અને ૧૬મી કલમો વારાફરતી બોલે. મોટેરા પણ તેમ કરે.

**પ્રાર્થના** : પ્રભુ, અમને તમારા વચનો સાંભળવા ગમે છે. અને તે પાળવા ચાહીએ છીએ. તેમ બુધ્ધિશાળી બાંધનારા બનવા ચાહીએ છીએ. અને અમારા જીવન તમારા પર બાંધવા ચાહીએ છીએ. કેમકે તમે અમારો દૃઢ ખડક છો. તમે અમને અનંતકાળનું જીવન આપ્યું છે. માટે આભાર. આ એવું જીવન છે જેને કોઈપણ તોફાન કે વિપત્તિ હલાવી શકતી નથી.